R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 37 DATE: 16-09-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ભારત જરુર પડે ફરીથી સર્જીકલ સ્ટાઇક કરી શકે છે : પાકિસ્તાનને સેનાની ધમકી

ભારતીય સેનાના એક સિનિયર અધિકારીએ કહ્યુ છે કે સેનાએ પાકિસ્તાનને ચેતવણી આપી છે કે જો તે સંઘર્ષવિરામનો ભંગ કરતું રહેશે અને આતંકવાદીઓને રોકવા માટે પગલાં નહી લે તો ભારત ફરીથી સર્જીકલ સ્ટ્રાઇક કરી શકશે.નોર્ધન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડર ઈન ચાર્જ(જીઓસી) લેફ.જનરલ દેવરાજ અંબુએ જણાવ્યુ હતું કે પાકિસ્તાન ફરીથી એજ ભુલ કરતું રહેશે તો ભારત પાસે ફરીથી સર્જીકલ સ્ટ્રાઇક કરવા સિવાય કોઈ વિક્લ્પ નહીં રહે. ઉદમપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં દેવરાજ અંબુએ કહ્યુ કે સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા ભારતીય સેનાએ બતાવી આપ્યું છે કે તે જ્યારે ઈચ્છે ત્યારે સરહદ પાર કરવા માટે સક્ષમ છે.જરુર પડશે તો ફરી સરહદ પાર કરીશું. અને હુમલો કરીશું.તેમણે એમ પણ કહ્યુ હતું કે સરહદ પાસ કરી એક વખત અંકુશ રેખા પાસે આતંકવાદી તાલિમ શિબિરોનું પ્રમાણ વધી ગયું છે અને ૪૭૫ આતંકવાદીઓ ભારતમાં ઘુસવા તૈયાર બેઠા છે. પાકિસ્તાન સતત અને લગભગ રોજ સંઘર્ષવિરામ ભંગ કરી રહ્યુ છે.અને નિયંત્રણ રેખા પર ફાયરીંગ કરી રહ્યુ છે. અને મોર્ટાર હુમલા કરી રહ્યુ છે. તેમાં ભારતના અનેક જવાનો શહીદ થિ ગયા છે.ભારતીય જવાનો વળતા જોરદાર હુમલા પણ કરી રહ્યા છે.પરંતુ તેમ છતાં આવી ઘટના ઘટતી ન હોવાથી ભારતીય સેનાએ ચેતવણી આપી છે.

પાકિસ્તાન આતંકવાદને પોષવા માટે નાણું આપવા અને મની લોન્ડરીંગના જોખમો ધરાવતાં ટોચના ૫૦ દેશોમાં સામેલ છે.૧૪૬ દેશોની સમીક્ષા બાદ સ્વીર્ઝલેન્ડના એક જુથે આપેલા અહેવાલમાં આ વાત કહેવાઈ હતી.બઝેલ એન્ટી-મની લોન્ડરીંગ ઈન્ડેક્શમાં અફધાનિસ્તાન,નેપાળ અને શ્રીલંકા પર વધુ જોખમ ધરાવતાં દેશોમાં સ્થાન અપાયું છે. આ યાદીમાં પાકિસ્તાન ૪૬ક્રમે છે. આ દેશોને ૦ થી લઈને ૧૦ સુધીના માર્કસ અપાયા છે. આ વર્ષે સરેરાશ જોખમ સ્કોર ૬.૧૫ની આસપાસ છે.સૌથી વધુ જોખમ ધરાવતા ૧૦ દેશોમાં ઈરાન,અફધાનિસ્તાન,ગિનિયા-બિસાઉ,તઝાકિસ્તાન,લાઓસ,મોઝામ્બિક, માલી, અને તાન્ઝાનિયાનો સમાવેશ થાય છે.સૌથી ઓછુ જોખમ ધરાવતાં દેશોમાં ફિનલેન્ડ,લિથુઆનિયા, અને એસ્ટોનિયા છે. પાકિસ્તાન ૬.૬૪ માર્કસ સાથે જોખમી દેશોની યાદીમાં સામેલ છે.ભારત ૫.૫૮ માર્કસ સાથે ૮૮માં ક્રમે છે.આતંકવાદીઓને ફંડિગ મામલે અલગતાવાદી નેતાઓ પર એનઆઈએની કાર્યવાહી કે કારણે પથ્થરમારાની ઘટનામાં નોધપાત્ર ઘટાડો થયો છે.❋

## ગુજરાતની પાંચ કરોડ રુપીયાની ખેરાત સ્વીકારવા નીતિશે હાથ લંબાવ્યો

‘ કાબે અર્જુન લુટીયો વોહી ધનુષ વોહી બાણ‘. રાજકારણીઓની જમાત થુંકેલું ચાટવામાં માહિર હોય છે. એક વખત એવો હતો કે બિહારમાં આવેલ પુર સંકટમાં ગુજરાતે બિહાર સરકારને રુ પાંચ કરોડનો ચેક મોકલાવેલો જેને બિહાર ના તે વખતના મુખ્યમંત્રી જે અન્ય પક્ષમાં હતા તેમણે આ રકમ સ્વીકારવાનો નન્નો ભણ્યો હતો.તે સમયે તેઓ નરેન્દ્ર મોદીના વિરોધી હતા. હવે તેઓ નરેન્દ્ર મોદીના પક્ષમાં જોડાઈ ગયા છે તેથી હવે તેમને આ દાન સ્વીકારવામાં નાનમ નથી.એ વખતે નીતિશકુમારે આ ઘટનાને બિહારના સ્વાભિમાન સાથે જોડી હતી. અને કહ્યુ હતું કે બિહારને કોઈની ખેરાત ની જરુર નથી.પરંતુ હવે તેમણે યુ ટર્ન લઈ લીધો છે અને ખેરાત સ્વીકારી લીધી છે.ગુજરાત સરાકરના મંત્રી ભુપેન્દ્ સિંહે બિહારના તાજેતરમાં આવેલા વિનાશક પુર પછી ગુજરાત તરફથી મદદના સ્વરુપે આ ચેક અર્પણ કર્યો હતો. તેમણે સીએમ રાહત ભંડોળમાં આ ચેક જમા કરાવ્યો હતો.ચેક લેતી વેળાએ જે તસવીર સામે આવી છે તે પણ રસપ્રદ છે.જેમાં નીતિશ અને ગુજરાત સરકારના મંત્રી ઉપરાતં જેડીયુ નેતા કૈસી ત્યાગી અને બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી પણ દેખાતા હતા.

## પબ્લીક સેકટર અંડરટેકીંગની બેન્કોના વિલિનિકરણની સરકારની યોજના સામે ભુતપુર્વ ગર્વનર રુઘુરામ રાજનની ટીકા

એનડીએ સરકારના કેટલાક નિર્ણયોની આકરી ટીકા કરનાર ભારતીય રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજને પીએસયુ બેન્કોના મર્જરની યોજના સામે પ્રશ્ન કર્યો છે.રાજને ભારપુર્વક કહ્યુ હતું કે પીએસયુ બેન્કોના કોન્સોલિડેશનની જરુર નથી.સરકારના મનમાં એ સ્પષ્ટ હોવું જોઈએ કે આ પગલાંથી હેતુ સરશે કે નહીં. ઈકોનીક ટાઉમ્સ સાથેની મુલાકાતમાં રાજને જણાવ્યુ હતું કે બેન્કોના મર્જર જટિલ પ્રક્રિયા છે.કોન્સોલીડેશનની પ્રક્રીયા માટે બેન્કોના સીઈઓના સઘન પ્રયાસો અને પુષ્કળ સમય જરુરી છે. તેમાં આઈટી સિસ્ટમ અને સંસ્કૃતિનું પણ મર્જર કરવું પડે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે બેન્કો પહેલેથી જ નબળી હોવાથી મર્જર તેમની સમસ્યામાં વધારો કરશે.તમારે એ સમજાવવું પડશે કે આ પગલું કેવી રીતે મદદરુપ બનશે.

ઉલ્લેખનીય છે કે સરકાર કોન્સોલીડેશન દ્વારા પીએસયું બેન્કની સંખ્યા ૨૧થી ઘટાડીને ૧૫ની કરવા માંગે છે. જેથી મોટા કદનો લાભ મેળવી શકાય.નાણાંપ્રધાન અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે મર્જરનો હેતુ મજબુત બેન્ક બનાવવાનો છે.

બેન્કોએ પણ સરકારને નબળાઈ અંગે ચિંતા દર્શાવી છે.ઈટીએ આપેલી માહીતી અનુસાર પંજાબ નેશનલ બેન્ક,કેનેરા બેન્ક અને બેન્ક ઓફ બરોડા જેવી અગ્રણી પીએસયુ બેન્કોના ટોપ મેનેજમેન્ટ નાની બેન્કોને હસ્તગત કરવા કેટલીક શરતો મુકી છે.જેમાં તેમણે નાની બેન્કે નફો કરતી હોવાની માંગણી કરી છે.

જો કે કેટલાક બેન્કોના યુનિયનોએ પણ સરકારની આ મર્જર કરવાની નીતીઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતાં દેખાવો તાજેતરમાં યોજ્યા હતા.

સરકારની નોટબંધી અંગે પણ રાજન ટીકા કરી ચુક્યા છે. તેમણે આ બાબતે કહ્યુ હતું કે નોટબંધી માટે તેમણે સરકારને પોતાના વિચારો જણાવ્યા હતા. છતાં સરકારે જે રીતે નોટબંધી



લાગુ કરી પરિણામે નોટબંધીની ખોટી વ્યાપક અસરો અર્થતંત્ર પર પડી છે.

જો કે રાજનની ટીકાઓ બાદ કરતાં હાલના ગર્વનરે પણ નોટબંધી નિષ્ફળ નીવડી હોવાના રિપોર્ટ રજુ કર્યા છે.પરંતુ સરકાર હજુ પોતના નિર્ણયનો બચાવ કરે રાખે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## બોગસ કંપનીઓની નોધણી રદ : બેન્કોના ખાતા અને ટ્રાન્ઝેકશન બંધ કરાયા

નાણાં મંત્રાલયે કંપની એકટ પ્રમાણે કામ નહીં કરનારી શેલ કંપનીઓ ઉપર તવાઈ લાવી દીધી છે.નાણાં મંત્રાલયે ૨.૯ લાખ કંપનીઓને રજીસ્ટર ઓફ કંપનીઝમાથી રદ કરી નાંખી છે.રજિસ્ટર ઓફ કંપનીઝ સાથે આવી કંપનીઓનું યોગ્ય તાલમેલ ન હોાથી અને ઘણી ખામીઓ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ શેલ કંપનીઓના બેન્ક એકાઉન્ટ પર રદ કરી દીધા છે.અને તેના તમામ ટ્રાન્ઝેકશન અટકાવી દીધા છે. કેપની એકટની ૨૪૮(૫) હેઠળ કંપનીઓ સામે દંડાત્મક પગલાં લેવામાં આવ્યા છે.

ઘણા સમયથી સરકાર દ્વારા બનાવટી કંપનીઓ ઉપર તવાઈ લાવવામાં આવી હતી.આ કંપનીઓ ખોટા નામે ટેક્સ ચોરી કરતી હોવાના પણ આરોપો છે.સરકારે અન્ય કંપનીઓને પણ સંકેત આપ્યો છે કે બેન્કોના માધ્યમથી કેટલીક સમિતિની રચના કરવામાં આવી છે જે તમામ આર્થિક વ્યવહારો પર નજર રાખશે તે ઉપરાંત વાર્ષિક સ્ટેમેન્ટ અને ફાઈનાન્સીયલ રિટર્ન ઉપર પણ વોચ રાખશે.

મીડીયામાં ફેલાયેલા સમાચારો સાબિત થયા હતા.સરાકરે બે લાખ જેટલી શેલ કંપનીઓના બેન્ક એકાઉન્ટ સ્થગિત કરી દીધા હતા. અને તેના આર્થિક વ્યવહારો અટકાવી દીધા હતા..આ કંપનીઓ કાયદા પ્રમાણે કામ કરતી નહોતી.યોગ્ય સમયે રિટર્ન પણ ફાઈલ થતું નહોતું. અને અન્ય કેટલીક ફોર્માલીટીઝ પણ પુરી કરવામાં આવતી નહોતી. આ તમામ ફરિયાદોને લક્ષમાં લઈને નાણાં મંત્રાલયે આ આકરો નિર્ણય લીધો હતો.આવી ફરિયાદોને કારણે ૨.૯૭ લાખ કંપનીઓને ખુલાસા કરવા માટે શો કોઝ નોટીસ પાઠવવામાં આવી હતી. જે કંપનીઓ દ્વારા આ નોટિસનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો નથી તેમની સામે દંડાત્મક કામગીરી કરવામાં આવી છે.નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ દ્વારા આ કંપનીઓ અંગે નિર્ણય લેવામાં આવશે. તેઓ જો નિર્ણયલ લઈને આ કંપનીઓની કામગીરી બાદ એકાઉન્ટ ઓપન કરવાનું કહેશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વિકાસની વ્યાખ્યા શું ? કોને વિકાસ કહેવાય, કોણે વિકાસ કર્યો કહેવાય,વિકાસના નામ ઉપર થતી ચર્ચાઓ,પ્રચારો અને રોડ શો ખરેખર આવનારી પેઢીને અપાતાં સપનાઓ વિકાસ કહેવાશે.પ્રચાર માધ્યમો જે રીતે સત્તારુઢ પક્ષની વિકાસની વ્યાખ્યા પાછળ આંધળો પ્રચાર કરી રહી છે તે જોતાં તો કદાચ આવનારા વર્ષો માત્ર વિકાસની વ્યાખ્યા પ્રચાર માધ્યમો જે નક્કી કરે તે. સરકારીની હાજી હામાં સહભાગી નહીં થનારા અને વિરોધ લોબીમાં બેસનારાઓને અછુત સમાજ ગણીને હડધુત કરવાની રીતો કદાચ લોકશાહી માટે કલંક સમાન બની રહેશે.ચીન,જાપાન,અમેરિકા વિગેરે દેશો આપણા મિત્રો છે તો પછી આપણા દુશ્મનો કોણ છે.વડાપ્રધાનના મિત્ર તો પાકિસ્તાનના વડાપ્રધાન છે તો હવે વિશ્વ એક આપણું કુટુંબ બનવા જઇ રહ્યું છે તેને વિકાસ કહેવાશે ? હવે ખરેખરી લડાઇ પ્રચાર મેદાનમાં થઇ રહી છે.છેલ્લે છેલ્લે કેટલાક ઈલેક્ટ્રોનીક્સ માધ્યમોએ ચીન સરહદે ચીની સૈનિકો અને ભારતીય સૈનિકો હાથાપાઈથી લડતા હતા.આમ ચીન સરહદે લડાઇ તૈયારીમાં છે તેવા સંદેશા ખાસ કરીને પ્રજા માનસ ઉપર ફેકવામાં આવ્યા.અને વડાપ્રધાન ચીન ગયા અને પાછા મિત્રો બની ગયા.સમજ વગરની કેટલીક વાતો પ્રજા માનસમાં ફેલાવામાં આવી રહી છે.અને ખોટી સમજને સાચી ઠેરવતી સમાજનો પણ તોટો નથી.કોની આંખો પર પટ્ટી પડેલી છે અને કોના ઉપર નહીં તે આકલન કરવું મુશ્કેલ બન્યું છે.ચુંટણીઓમાં ઝંઝાવાત ફેલાવીને સત્તા આંચકી લેવાની કુશળ કામગીરીમાં કાબેલ સત્તાધારી પક્ષની એક એક શતરંજી ચાલ ખુબીની ચાલો છે અને તેમાં પ્રજા દોરવાઈ રહી છે.કોનું નસીબ જોર કરે છે પ્રજાનું કે દોરનારાઓનું તે જોવાનું રહ્યું.

કદાચ જાપાનના વડાપ્રધાને આવું આતિથ્ય તેમના દેશમાં નહી માણ્યું હોય તેમ બની શકે. આમેય આપણે આતિથ્ય સત્કાર કરવામાં પાછા પડીએ તેમ નથી.વિકાસ ના નામે દેશ વિદેશના અતિથિઓ જે માત્ર દેશની રાજધાનીમાં આંટો મારવા આવતા તેમને ગુજરાતમાં તાણી લાવી રોડ શો દ્વારા મહાત કરવાની કામગીરી કરનાર વડાપ્રધાનની કલાને બિરદાવવી પડે.અને તે દ્વારા ગુજરાતની આવનારી ચુંટણીમાં તેનો લાભ મેળવી શકાય તે તેમણે બુક કરી લીધો.પ્રજા કેટલા સમય સુધી રોડ શો,તહેવારોની ઉજવણી,પતંગ મહોત્સવો વિગેરે યાદ રાખે છે તે મહત્વનું છે.મહત્વનુ એ નથી કે મોઘવારીનો આંક દિવસે દિવસે વધતો રહ્યો છે. પેટ્રોલ ડીઝલના ભાવો દઝાડી રહ્યા છે.જેમણે જુની સરકારને માથે વધેલા ભાવો માટે જુતા માર્યા હતા તેઓના પેટનું પાણી હાલતું નથી ઉપરથી આ ભાવ વધારાને વ્યાજબી ઠેરવી રહ્યા છે.અચ્છે દિન લાવવાનું વચન તો ક્યારનું વિસરાઇ ગયું છે.માત્ર વિપક્ષોને પતાવી દેવા અને દેશભરમાં પોતાની સત્તા કાયમ કરવી અને પછી કોઇ હટાવી ના શકે તેવી જોગવાઇ કરી યાવચંદ્ર દિવા કરોની સ્થિતિ નિર્માણ કરવાની સ્થિતિ બનાવવા માટે સત્તારુઢ નેતાગીરી પ્રયત્નશીલ છે.પ્રજાને જ્યારે મોંઘવારીના ચક્કરમાં પીડા ઉપડશે ત્યારે તો ખબર પડશે કે તમાશાઓએ તેમના પેટની પીડા વધારી છે ત્યારે તેનો ઉપાય વિચારશે ત્યાં સુધી તેઓ તાળીઓના ગડગડાટથી વિકાસને વધાવતા રહેશે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ભારતમાં આવતાં વિદેશીઓએ સલાહ આપવામાં આવી છે કે તેઓ તેમના દેશમાં જ બીફ ખાઇને આવે

કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન પામનાર નવા પ્રવાસન પ્રધાન કે.જે.આલ્ફોન્સોએ ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓને સલાહ આપી હતી કે તેઓ ભારતમાં આવતાં પહેલાં તેમના દેશમાં બીફ આરોગીને આવે.ઓડીશાની રાજધાનીમાં યોજાયેલા ઈન્ડીયન એસોસીએશન ઓફ ટુર ઓપરેટર્સના ૩૩માં વાર્ષિક સંમેલનમાં તેઓ બોલી રહ્યા હતા. તેમને જ્યારે પુછવામાં આવ્યુ કે ભારતમાં કેટલાક રાજ્યોમાં ગાયની કતલ પર અને ગૌમાંસ ખાવા પર પ્રતિબંધ છે. ત્યારે ભારતના પ્રવાસન ઉદ્યોગ પર તેની માઠી અસર પડશે કે કેમ અને પ્રવાસીઓની સંખ્યા ઘટશે કે કેમ ? તેના જવાબમાં આલ્ફોન્સો કહ્યુ હતું કે વિદેશી પ્રવાસીઓ ભારત આવતાં પહેલાં તેમના દેશમાં બીફ આરોગીને આવે.

# વિમાન પ્રવાસમાં અસભ્યતા દાખવતા પ્રવાસીઓ માટે પ્રતિબંધના નિયમો અમલી

હવાઇ પ્રવાસ દરમિયાન વિમાનમાં ક્રુ મેમ્બર્સ સાથે ઉધ્ધત વર્તણુંક કરતાં પ્રવાસીઓ માટે સરકારે નવા નિયમો જાહેર કર્યા છે.આ નિયમોના આધારે તૈયાર થનાર નો ફલાય લિસ્ટમાં સામેલ કરાનારા પ્રવાસીઓના વિમાની પ્રવાસ પર વિવિધ સમયગાળા માટે પ્રતિબંધ મુકી દેવાશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પ્રવાસીઓ દ્વારા થતા નિયમના ઉલ્લંઘન અને દુવ્યવહાર માટે ૩ કેટેગરી નક્કી કરી છે.આ કેટેગરી શાબ્દિક,શારીરીક અને જીવન માટે જોખમી હોય તેવી વર્તણુંકના આધારે નક્કી કરાઇ છે.જો પ્રવાસી શાબ્દિક ગેરવર્તણુંક કરતો માલુમ પડશે તો તેના વિમાની પ્રવાસ પર ૩ મહિના સુધીનો પ્રતિબંધ લાદી દેવાશે.જો શારીરીક પ્રકારની ગેરવર્તણુંક હશે તો પ્રવાસીના હવાઇ પ્રવાસ પર ૬ મહિના સુધીનો અને પ્રવાસીની વર્તણુંક કોનિ જીવન પર ઘમકીરુપ બને તેવી સાબિત થશે તો તેના હવાઇ પ્રવાસ પર બે વર્ષથી માંડીને આજીવન પ્રતિબંધ લાદી દેવાશેચ સમિતિએ આ મામલાનો નિકાલ ૩૦ દિવસમાં કરવાનો રહેશે.સમિતિ દ્વારા નિર્ણય લેવાય ત્યાં સુધી સબંધિત એરલાઇન પ્રવાસીના પ્રવાસ પર પ્રતિબંધ લાદી શકે છે.સમિતિ દ્વારા ચુકાદો અપાયા બાદ એરલાઈન્સ અને પ્રવાસી નિર્ણય સામે એપેલેટ કમીટીમાં અપીલ કરી શકે છે. ડીજીસીએ વિવિધ એરલાઈન્સ દ્વારા અપાનારી ગેરવર્તણુંક કરનારા પ્રવાસીઓની યાદીના આધારે નેશનલ નો ફલાય લિસ્ટની જાળવણી કરશે.

# રાજસ્થાન પોલીસે અલવરમાં ગૌરક્ષકો દ્વારા ક્રુર હત્યા કરાયેલ વ્યક્તિના મરણોત્તર નિવેદન બાદ ગુનેગારોને કલીન ચીટ આપી

રાજસ્થાન પોલીસે અલવરમાં ગૌરક્ષકો દ્વારા એક વ્યક્તિની ક્રુર હત્યાના કેસમાં તમામ આરોપીઓને ક્લિન ચીટ આપી છોડી મુક્યા હતા.મૃતક પહેલુખાને તેના મરણોન્મુખ નિવેદનમાં છ આરોપીઓએ તેની ઉપર હુમલો કર્યો હતો તેમના નામો આપ્યા હતા.જો કે પોલીસે તે તમામને છોડી મુક્યા હતા.

ગૌરક્ષકોને છોડી મુકવાના કારણે મોટો વિવાદ સર્જાયો હતો.માનવ અધિકાર સંગઠનોએ આ ઘટનાને વખોડી કાઢીને તેની તપાસ કરવા અરજી કરી છે. પહેલુખાન અને અન્ય લોકો પહેલી એપ્રીલે ઢોર ખરીદ્યા બાદ હરિયાણા જઇ રહ્યા હતા. ત્યારે તેમના પર હુમલો થયો હતો. એ પછીના બે દિવસમાં પહેલુ ખાનનું મોત થયું હતું.

પોલીસને આપેલા નિવેદનમાં ખાને તેમની પર હુમલો કરનારા આરોપીઓમાં હુકમચંદ,નવીન શર્મા.જગપાલ યાદવ,ઓમ પ્રકાશ, સુધીર અને રાહુલ સૈનીનું નામ આપ્યું હતુ.

જો કેસ દાખલ થઇ જાય તો કોર્ટમાં હવે માનવવધ અપરાધ હેઠળ સજા થઇ શકે છે.તેથી અદાલત સુધી કેસ પહોચી ના શકે માટેની કાર્યવાહી કરવામાં રાજકીય સંપર્કો ગૌરક્ષકોની વ્હારે આવ્યા હોવાની શંકા પ્રબળ બની છે.

વડાપ્રધાનની સુફિયાણી વાતોનો કોઇ અર્થ સર્યો નથી.પરંતુ વ્યવસ્થિત આયોજન બધ્ધ કાર્યશૈલી અપનાવવામાં આવી રહી છે.

# જેએનયુ વિદ્યાર્થી સંઘની ચુંટણીમાં ડાબેરી વિદ્યાર્થી સંઘ છવાઇ ગયો

દિલ્હીની જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય(જેએનયુ)માં વિદ્યાર્થી સંઘની ચુટણીમાં ફરી એક વાર ડાબેરી વિદ્યાર્થી સંઘનો દબદબો કાયમ રહ્યો છે.વિશ્વવિદ્યાલયની ચારેય કેન્દ્રીય બેઠક પર યુનાઇટેડ લેફ્ટ પેનલ(આઇસા,એસએફઆઇ) અને ડીએસએફ એ બાજી મારી લીધી હતી.વિદ્યાર્થી સંઘના પ્રમુખપદ માટે મેદાનમાં ઉતરેલી લેફ્ટ પેનલની ગીતાકુમારીએ એબીવીપીના ઉમેદવાર નિધિ ત્રિપાઠીને ૪૬૪ મતે પરાજય આપ્યો હતો.ઉપપ્રમુખપદ માટે લેફ્ટ પેનલની સિમોન જોયા ખાન એબીવીપીના ઉમેદવાર કરતાં૧૦૨૮ વધુ મતે વિજય મેળવ્યો હતો.એજ રીતે જનરલ સેક્રટરીપદે ડાબેરી જુથના દુગ્ગીરાલા શ્રીકૃષ્ણા તો જોઇન્ટ સેક્રટરીપદે ડાબેરી સુભાશુંસિહ ચુંટાઇ આવ્યા હતા.ચુંટણીમાં ઈવીએમ મશીનનો ઉપયોગ લેવાયો નહીં હોવાથી મતગણતરી લાંબી ચાલી હતી.એનએસયુઆઇનું અસ્તિત્વ ચુંટણીમાં જોવા મળ્યું નહોતું.

વિષુવવૃત્તીય પ્રદેશોમાં એકમાત્ર ટાન્ઝાનીયામાં જ આવેલા કિલીમાન્જરો પર્વત પર જ બારેમાસ બરફની ચાદર પથરાયેલી હોય છે.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# મુસ્લીમ પર્સનલ લો બોર્ડમાં ટ્રિપલ તલાકના ચુકાદા અંગે મતભેદ

ટ્રિપલ તલાક પર સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ પ્રતિબંધ અંગેના ચુકાદાને પગલે ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડમાં ભાગલા પડી ગયા છે.બોર્ડનું એક જુથ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકારીને સ્વીકારી લેવાની દલીલ કરી રહ્યું છે.તો બીજુ જુથ સુપ્રીમના ચુકાદા સામે નારાજ છે.આ જુથ દેશભરમાં આંદોલન શરુ કરી સરકાર પર દબાણ સર્જવા વિચારી રહ્યું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર બોર્ડનું શીયા જુથ સુપ્રીમના ચુકાદાની તરફેણ કરી રહ્યું છે. તો સુન્ની જુથ ચુકાદાની વિરુધ્ધમાં છે.બોર્ડના જનરલ સેક્રટરી મૌલાના વલી રહમાનીએ સુપ્રીમના ચુકાદા પર ટિપ્પણીનો ઈનકાર કરતાં જણાવ્યુ હતું કે બોર્ડની બેઠકમાં આગામી પગલાં અંગે વિચારણા કરાશે.

દરમિયાન ઓલ ઈન્ડીયા પર્સનલ લો બોર્ડના અધિકારી ઝફરયાબ જિલાનીએ જણાવ્યુ હતુંકે ૧૦મી સપ્ટે.ના રોજ ભોપાલમાં યોજાનારી બોર્ડની કારોબારીની બેઠકમાં ટ્રિપલ તલાક પર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વ્યાપક અભ્યાસ કર્યા બાદ તેની સામેના પગલાં અંગે વિચારણા થશે.ભોપાલની બેઠકમાં બાબરી મસ્જીદ કેસની સુનાવણી પરનો એજન્ડા પણ નક્કી કરાશે.

# ટ્રિપલ તલાક પર જેની અરજીને કારણે જંગ લડાયો તે હવે બહુપત્નીત્વ પ્રથા સામે જંગ લડશે

સુપ્રીમ કોર્ટમાં ટ્રિપલ તલાક અંગેની કાયદાકીય લડત આપનાર સાયરાબાનોની અરજીને કારણે દેશની મુસ્લીમ મહિલાઓના હક્કમાં સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને ગેરબંધારણીય ઠેરવતો ચુકાદો આપ્યો.સાયરાબાનો એમબીએની ડીગ્રી ધરાવતી મુસ્લીમ મહિલા છે.સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સાયરાબાનોએ કહ્યુ હતું કે મારા અને તમામ મુસ્લીમ મહિલાઓ માટે આ ઐતિહાસિક દિવસ છે.સુપ્રીમ કોર્ટેનો ચુકાદો સુધારાના માર્ગનો માઈલ સ્ટોન બની રહેશે.હવે મુસ્લીમ મહિલાઓ ગર્વથી માથું ઉંચુ કરીને જીવી શકશે. તેમણે કહ્યુ હતું કે ૨૦૧૫માં મારા પતિએ સ્પીડપોસ્ટથી મને તલાકનામું મોકલી મને તલાક આપી દીધા હતા.મારા માથે બે બાળકોના ઉછેરની જવાબદારી આવી પડી હતી.હું ઘણી હતાશ હતી. પરંતુ પરિવારના સમર્થનથી મે આ લડાઈ લડી છે.મારા વકીલની મદદથી મે ટ્રિપલ તલાકની બંધારણીયતાને જ પડકાર આપ્યો હતો. મને વિશ્વાસ હતો કે સુપ્રીમ કોર્ટમાંથી મને ન્યાય મળશે.

સાયરાબાનોએ કહયુ હતું કે આજનો ચુકાદો મારા માટે મહાન ક્ષણ છે.હવે કોઈ એક વ્યક્તિની ઉચ્છાના કારણે મુસ્લીમ મહિલાને ઘરમાંથી હાંકી કાઢવામાં નહીં આવે.મુસ્લીમ સમાજની મહિલાની સ્થિતિને સમજો. ચુકાદાને સ્વીકારી તાકિદે કાયદો ઘડી કાઢો. હજુ સુધારાના માર્ગ પર ઘણું આગળ જવાનું છે.અમારે બહુપત્નીત્વ અને નિકાહ હલાલા સામે પણ જાગૃતિ ફેલાવવાની છે.હું હવે બહુપત્નીત્વની પ્રથાને અદાલતમાં પડકારવાની છું.

સાયરાએ કહ્યુ હતું કે ૨૦૦૨માં નિકાહ થયા બાદ મને દહેજ માટે સતત હેરાન કરાતી હતી.મારા સાસરીયાઓએ મારો ૬ વાર ગર્ભપાત કરાવ્યો હતો.તેમનો ઈરાદો મારી હત્યા કરવાનો હતો.હવે હું મારા બે બાળકોની કસ્ટડી માટે લડત આપવાની છું.

# અમદાવાદ શહેરને સ્થાપત્યોની સાથે વિવિધ ધર્મોના સહ અસ્તિત્વને કારણે હેરીટેજનો દરજ્જો મળ્યો છે : ઈરીના બોકોવા

અમદાવાદ શહેરને યુનેસ્કો તરફથી વર્લ્ડ હેરીટેજ સીટી તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો તે પાછળ રહેલા કારણોમાં છ દાયકા જુના શહેરમાં લાજવાબ પ્રાચીન સ્થાપત્યોની સાથે સાથે વિવિધ ધર્મોના નાગરિકોનાં એકતા અને સહિષ્ણુતા સાથેના સહઅસ્તિત્વના કારણે જ વર્લ્ડ હેરીટેજ સીટીનું બિરુદ મળ્યું છે તેમ યુનેસ્કોના ડાયરેકટર જનરલ ઈરીના બકોવાએ જણાવ્યુ હતું.

અમદાવાદ શહેરને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ સીટી જાહેર કરવામાં આવ્યું ત્યારબાદ તેનું પ્રમાણપત્ર એનાયત કરવા આવેલા ઈરીના બકોવાએ તેમના પ્રવચનમાં કહયું કે મહાત્મા ગાંધીએ જ્યાંથી સ્વતંત્રતાની ઐતિહાસિક લડત ચલાવી હતી તેવા અમદાવાદ શહેરમાં આવેલા સ્થાપત્યોની ગરિમા અને વૈવિધ્યતા જાળવી રાખી ભાવિ પેઢીને તેનાથી વાકેફ કરવી જરુરી છે.અમદાવાદને હેરીટેજ સીટી જાહેર કરતાં પહેલાં યુનેસ્કોની ટીમ દ્વારા યોગ્ય સર્વે અને ડોઝીયરની ચકાસણી કરવામાં આવી હતી તેમ તેમણે જણાવ્યુ હતું.

યુનેસ્કોના ડાયરેકટર જનરલના હસ્તે અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટીનું પ્રમાણપત્ર સ્વીકાર્યા બાદ મુખ્યમંત્રી વિજય રુપાણીએ કોગ્રેસનું નામ લીધા વગર કહ્યુ કે આગવા સ્થાપત્યો,સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસો ધરાવતાં અમદાવાદ શહેરને હેરીટેજ સીટી તરીકે જાહેર કરાવવા માટે અગાઉની કોઈપણ સરકારોએ મહેનત કરી નહોતી.તેથી આટલી રાહ જોવી પડી છે.તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સઘન પ્રયાસો કર્યા તેના પરિણામે આજે અમદાવાદને હેરીટેજ અને સ્માર્ટ સીટી એમ બબ્બે બીરુદ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.તેથી વડાપ્રધાન મોદીને આબાબતે જશ આપ્યો હતો.અમદાવાદને વિશ્વ પ્રવાસનના નકશા પર ચમકતું સ્થાન મળે અને પ્રવાસન ઉદ્યોગ થકી લોકોને રોજગારી મળે તે માટે નક્કર પ્રયાસો આપણે સૌએ કરવા પડશે.આપણા પ્રાચીન વારસાને ખરેખર યોગ્ય સન્માન મળ્યું છે.અમદાવાદની શાન માટે હવે ખાસ ધ્યાન રાખવું પડશે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# કેટલાક કામો સરકાર ઇચ્છે છે કે કોર્ટ કરે : ચીફ જસ્ટીસ ખેહર

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે કહ્યુ કે કેટલાક કામો સરકાર ઈચ્છે છે કે કોર્ટ દ્વારા કરવામાં આવે જેથી તે કોર્ટનો હુકમ બની જાય.જો કે થોડાક વખત પહેલાં જ સુપ્રીમ કોર્ટે એવું સ્પષ્ટ કર્યુ હતું કે દરેક બાબતો કોર્ટમાં લઈને પહોચી જવી ઉચિત નથી.પરંતુ સરકારો પોતાના વોટબેન્કની ચિંતામાં પોતે કોઈપણ જાતનો નિર્ણય લેવા કરતાં કોર્ટ પાસે આવા કામો કરાવી લેવા માંગે છે.

ટ્રીપલ તલાક કેસમાં સુપ્રીમ કોર્ટે ત્રણ વિરુધ્ધ બેથી પોતાનો ચુકાદો આપ્યો.તેમાં લઘુમતી એવા બે જજના ચુકાદામાં કહેવાયું છે કે કમનસીબે સરકાર ટ્રિપલ તલાક દુર કરવા માટે કાયદો ઘડવાને બદલે ન્યાયતંત્રના ચુકાદાથી આ પ્રથા દુર થાય તેવા પ્રયાસો કરી રહી છે.ચીફ જસ્ટીસ જે.એસ.ખેહર અને જસ્ટીસ એસ.એ.નઝીરે આ ચુકાદો આપ્યો છે.

આ બંન્ને જજોએ કહ્યુ છે કે તલાક-એ-બિદત તરીકે ઓળખાતી ટ્રિપલ તલાકની પ્રથા મુસ્લીમ બહુમતી ધરાવતા અનેક દેશોમાં કાયદાથી રદ કરી દેવાઈ છે.કેટલાક ચુસ્ત ઈસ્લામિક દેશોમાં પણ આ પ્રથા કાયદાથી જ દુર કરી દેવાઈ છે.ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડે એવી દલીલ કરી હતી કે શ્રધ્ધા અને ધર્મના મામલે ન્યાયતંત્રએ વિવેક શક્તિ દાખવવાની જરુર નથી. અને માત્ર કાયદાથી જ ઉકેલ લાવી શકાય.બોર્ડની આ દલીલ ચીફ જસ્ટીસ ખેહર અને જસ્ટીસ નઝીરે સ્વીકારી હતી.

આ બંન્નેએ કહ્યુ હતું કે આ અમારો નિર્ષ્કર્ષ છે અને તેમાં કોઈ શંકા નથી કે કાયદાથી જ ઉકેલ લાવી શકાય.અમે સમજીએ છીએ કે આ મુદ્દે કાયદો ઘડવા માટે સલાહ આપવી એ યોગ્ય નથી.અહીં વિરોધી પક્ષોએ રજુ કરેલા મંતવ્યો વિરોધાભાસી નથી.

# ઓબીસી ક્વોટા : ક્રિમી લેયર મર્યાદા રૂ.આઠ લાખ કરાઇ : અન્ય પછાત વર્ગના ક્વોટામાં પેટા -અનામતની તૈયારી

દેશમાં ચારેબાજુ અનામતની માંગણીઓ જોરશોરથી ઉઠવા માંડી છે.પટેલો,જાટ,ગુર્જરો અને મરાઠાઓની અનામતની માંગણીઓ માટે કેન્દ્ર સરકાર જાગી છે.જો કે સરકારે જણાવ્યુ હતું કે દેશમાં અનામતની પ્રથામાં કોઈ ફેરફાર નહીં થાય.જો કે બે દાયકા પહેલાં મંડલ કમિશનની ભલામણ મુજબ ઓબીસીને ૨૭ ટકા અનામત આપ્યા બાદ મંડલ પાર્ટ-૨ની તૈયારી થઈ રહી છે.કેટલીક કોમોએ અનામત માટે કરેલા આંદોલનોની અસર વર્તાઈ રહી છે.પટેલો,ગુર્જરો,જાચ અને મરાઠાઓના આંદોલન ચરમસીમા પર પહોચ્યા છે અને તેની ઉપર સરકાર જો ધ્યાન ના રાખે તો તેની અસરો મતપેટીઓ પર જરુરથી થઈ શકે તેમ છે.

કેન્દ્રીય કેબિનેટે અન્ય પછાત વર્ગ ઓબીસી માટે સરકારી નોકરી મેળવવા માટે ક્રીમી લેયરની આવક મર્પાદા વાર્ષિક છ લાખથી વધારીને ૮ લાખ કરી દીધી છે.આ ઉપરાંત ઓબીસીના ક્વોટા અંતગર્ત વધુ એક ક્વોટા(સબ ક્વોટા) થઈ શકે કે કેમ તે નક્કી કરવા માટે પંચ રચવાની પણ કેબનિટે મંજુરી આપી દીધી છે.નાણાંમંત્રી અરુણ જેટલીએ કેબિનેટની બેઠક બાદ આ જાહેરાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે પછાત વર્ગ માટેના રાષ્ટ્રીય પંચે ૨૦૧૧માં તેની ભલામણ કરી હતી.સરકારી નોકરીઓમાં ઓબીસી સમુદાયને લાભ મળે તે હેતુથી આ સબ કેટેગરીનો વિચાર રજુ કરવામાં આવ્યો છે.

૧૫મી સદીમાં રશિયાના પીટર ધ ગ્રેટે એક વિચિત્ર કાયદો પોતાના રાજ્યમાં દાખલ કર્યો હતો.જેમાં લોકોને તમાકુ પીવાનું ફરજીયાત બનાવી દેવામાં આવ્યું હતું.

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# નોટબંધી જાહેર કર્યા બાદ જીડીપી વૃધ્ધિદરમાં ઘટાડો થયો છે: રાજન

નોટબંધી બાદ જીડીપીમાં થયેલા ઘટાડા અંગેની પ્રતિક્રિયામાં આરબીઆઇના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજને કહ્યુ હતું કે મોદી સરકારે દેશનું અર્થતંત્ર સૌથી ઝડપી વૃધ્ધિ કરતું અર્થતંત્ર હોવાના દાવા ન કરવા જોઇએ. દેશનો જીડીપી વૃધ્ધિદર ૧૦ વર્ષ સુધી ૮-૧૦ટકા રહે પછી જ છાતી ઠોકીને કહેવું જોઇએ. તેમણે કહ્યુ હતું કે ભારત વિશ્વને સંસ્કૃતિ અને ઇતિહાસ જેવી બાબતોમાં લેકચર આપી શકે.આર્થિક વૃધ્ધિના મામલે નહીં.મોદી સરકારે નોટબંધી જાહેર કરી પછીથી જીડીપીના વૃધ્ધિદરમાં ઘટાડો થયો છે. અને જુના ક્વાટરમાં તે ઘટીને ૫.૭ ટકા રહ્યો હતો.અગાઉના ક્વાટરમાં ૬.૧ ટકા હતો.



ચીનનો જીડીપી વૃધ્ધિદર આ બન્ને ક્વાટરમાં ૬.૫ ટકા હતો. રાજને કહ્યુ હતું કે ખાનગી રોકાણ વધારીને અને નિકાસ વધારીને ૮ થી ૯ ટકા વૃધ્ધિદર લાવવો જરુરી છે.દુનિયાને આપણે સાંસ્કૃતિક સિધ્ધિ,ઐતિહાસિક સિધ્ધિ, વગેરેનું લેકચર આપી શકીએ, પણ આર્થિક મોરચે તો ૧૦ વર્ષ સુદી ૮-૧૦ટકા વૃધ્ધિદર જળવાય તો જ વાતો કરવી જોઇએ.રાજને કહ્યુ હતું કે ૯૦ દાયકાથી આપણે ૬-૭-૮ ટકા વૃધ્ધિદર વચ્ચેજ અથડાતા રહ્યા છીએ.આપણે તેમાં વૃધ્ધિ લાવવી જોઇએ અને તે પણ ૧૦ વર્ષ સુધી જળવાવી જોઇએ.પછી જ છાતી ઠોકીને આપણે સિધ્ધિ મેળવી હોવાનો દાવો કરી શકીએ.તેમણે ઉમેર્યુ કે આપણું અર્થતંત્ર હજી માત્ર ૨.૫ લાખ કરોડ ડોલરનું છે,ને ખુબજ નાનું છે.છતાં આપણે મોટા દેશ છીએ તેવું અનુભવીએ છીએ.ચીનનું અર્થતંત્ર આપણા કરતાં પાંચ ગણું મોટું છે.બંન્નેની સરખામણી કરવી હોય તો ચીન ૧૦ વર્ષ સુધી તેનો આર્થિક દર ઘટાડવો પડે અને ભારતે ઝડપી વૃધ્ધિ કરવી પડે તોજ વિશ્વમાં ભારતને લોકો ગંભીરતાથી લેતા થાય

# કુદરતી વાવાઝોડાનો કહેર :કેરેબિયન ટાપુ,ક્યુબા અને અમેરિકા પર આક્રમણ

કેરેબીયન ટાપુઓ અને ક્યુબામાં હાહાકાર મચાવીને વાવાઝોડુ અમેરિકાના ફ્લોરીડા બાજુ ત્રાટક્યુ હતું.૨૧૦કી.મી.ની ઝડપે પવન ફુંકાયો હતો.દરિયાકિનારાના વિસ્તારોમાં ૧૫ ફુટ ઉંચા મોજા ઉછળ્યા હતા.હાઇટાઇડને કારણે હજારો મકાનોમાં પુરના પાણી ફરી વળ્યા હતા.અમેરિકાના નેશનલ સેન્ટરે જણાવ્યુ હતું કે ઉત્તર તરફ આગળ વધી રહેલું વાવાઝોડું ટેમ્પા અને પીટર્સબર્ગ તરફ વધશે.હરિકેન ઇરમા જ્યોર્જિયા,નોર્થ અને સાઉથ કેરોલીના, ટેનેસ્સી અને લાબામાં પણ કાળો કેર વર્તાવી ચુક્યું છે.ઇરમાને કારણે ફ્લોરીડામાંથી ૬૫ લાખ લોકોને સ્થળાંતરનો આદેશ આપવામાં આવ્યો છે.૭૦,૦૦૦ લોકોએ ફ્લોરીડામાં ઊભા કરાયેલા શેલ્ટરમાં આશ્રય લીધો છે.ફ્લોરીડાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ ફસાયા હોવાના સમાચારો છે.ત્યાંની સરકારે જણાવ્યુ હતું કે રાજ્યમાં ૪૦૦ કરતાં વધુ શેલ્ટર શાળાઓ,ચર્ચ અને કોમ્યુનીટી સેન્ટરો ઉભા કરાયાં છે.ફ્લોરીડામાં ૮.૫૦,૦૦૦ કરતાં વધુ ઘરો અને વ્યવસાયિક કેન્દ્રોમાંતી વીજળી ગુલ થઇ ગઇ છે.રાહત અને બચાવ કાર્યો ચાલુ છે.

# અખિલ ભારતીય અખાડા પરિષદે બનાવટી સંતોની યાદી જારી કરી

કેટલાક સાધુ સંતોના ગુનાઇત કૃત્યો પ્રકાશમાં આવ્યા બાદ અખિલ ભારતીય અખાડા પરિષદે આવા બનાવટી સંતોની યાદી જારી કરી હતી. આ યાદીમાં ૧૪ વ્યક્તિઓના નામો સામેલ હતાં.અખાડા પરિષદની અલ્હાબાદમાં યોજાયેલી કારોબારીની બેઠકમાં આ યાદીમાં સમાવનારા નામો અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.આ સંતો પર પ્રયાગમાં યોજાનારા કુંભ મેળામાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવાયો છે.આ સાથે જ અખાડા પરિષદ સનાતન ધર્માવલંબીઓને આ બાબાઓથી દુર રહેવા માટે જાગૃત કરાશે.અખિલ ભારતીય અખાડા પરિષદ દેશભરમાં ૧૩ અખાડાનું સંગઠન છે.જેમાં મોટી સંખ્યામાં સંતોનો સમાવેશ થાય છે.તેને હિન્દુ ધર્મમાં ટોચનું સ્થાન મળેલું છે.સ્વયંભુ બની બેઠેલા બાબાઓના ખોટા કામોને લીધે ધર્મ અને સમાજને નુકશાન થાય છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક

9825169386


# ગૌરી લંકેશની હત્યા : ભારતમાં પ્રેસની સ્વતંત્રતા સામે જોખમ

પત્રકાર અને એડીટર ગૌરી લંકેશની હત્યા બાદ ભારતમાં કામ કરતાં પત્રકારોની જોખમી સ્થિતિ ફરી ચર્ચાને પાત્ર બની છે.પ્રેસની આઝાદી મામલે ભારતનું રેન્કીંગ સાવ કંગાળ છે. ૧૮૦ દેશોમાં તેનુ રેન્કીગ ૧૩૬ છે.એના માટે ભાજપના તથા કથિત 'રાષ્ટ્રવાદ' અને મુખ્ય પ્રવાહના મીડીયામાં સેલ્ફ સેન્સરશીપ પર દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો છે. છેલ્લા એક વર્ષમાં ભારત ત્રણ ક્રમ નીચે સરકી ગયું છે.બીજી જાણવાની વાત એ છે કે આતંકને પોષતા દેશ પાકિસ્તાનથી આપણે માત્ર ત્રણ જ રેન્ક આગળ છીએ.હિસાગ્રસ્ત પેલેસ્ટાઇ પણ આપણાથી એક ક્રમ આગળ છે.ભારતના અન્ય પાડોશી દેશો ભુતાન અને નેપાળ પણ અનુક્રમે ૮૪ અને ૧૦૦માં ક્રમે છે.આ દેશોમાં સ્થિતિ આપણાં કરતાં સારી છે.

છેલ્લા કેટલાક વખતમાં અનેક પત્રકારોની હત્યા પછી આ સ્થિતિ સર્જાઇ છે.બે વર્ષ અગાઉ રીપોર્ટસ વિધાઉટ બોર્ડેસ કરેલા એક આવા જ અભ્યાસમાં ભારતને ૨૦૧૫માં પત્રકારો માટે સૌથી ખતરનાક ત્રણ દેશો સામેલ કરાયા હતા. હિન્દુ રાષ્ટ્રવાદીઓ નેશનલ ડિબેટમાં તેમને જે રાષ્ટ્રવિરોધી વિચાર ધરાવતાં લાગે છે. તેમને ડામી દેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મુખ્ય પ્રવાહ મીડીયામાં સેલ્ફ સેન્સરશીપ વધી રહી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે પત્રકારોને ઓનલાઇન ધમકી મળે છે.આ સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે.સરકારની ટીકા કરતાં પત્રકારોનું ગળુ દબાવવા માટે કાનુની દાવ પણ ખેલાવા લાગ્યા છે.કેટલાક ઉપર પીનલ કોડની કલમ ૧૨૪ એ લાગુ પાડવામાં આવી છે. આની હેઠળ રાજદ્રોહ નો કેસ થઇ શકે છે.અને જે તે પત્રકારોને આજીવન કારાવાસની સજા થઇ શકે છે.

રિપોર્ટમાં કાશ્મીરમાં સોશ્યીયલ મીડીયા અને નેટ પર પ્રતિબંધની પણ ટીકા કરાઇ છે.તેમા ઉમેરાયું છે કે કોઇ રક્ષણાત્મક માળખા વગર સંવેદનશીલ પ્રાંતોનું કવરેજ અત્યંત મુશ્કેલ છે. આ રેન્કીંગમાં નોર્વે,સ્વીડન અને ડેનમાર્ક ટોચના ત્રણ સ્થાને છે. મતલબ કે આ દેશમાં પ્રેસ ફ્રી છે.અમેરિકા આ રેન્કમાં ૪૩માં ક્રમે છે.

# સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી રામ જેઠમલાણી વકીલાતમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી રામ જેઠમલાણીએ સક્રિય વકીલાતમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી.સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાના સન્માનમાં જેઠમલાણીએ જાહેરાત કરી હતી.

બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્વારા આયોજિત કાર્યક્રમમાં જેઠમલાણીએ કહ્યુ હતું કે જસ્ટીસ મિશ્રાને ખુબ પસંદ કરુ છું.પરંતુ અફસોસ છે કે તેઓ ચીફ જસ્ટીસ બન્યા ત્યારે તેમની સમક્ષ હાજર નહીં થઇ શકું.મે નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. ટુંક સમયમાં ૯૪ વર્ષની ઉંમરે પહોચનારા જેઠમલાણીએ જો કે સંકેત આપ્યા હતા કે તેઓ નિષ્ક્રિય નહીં બેસે પણ રાજકારણમાં રહેલા ભ્રષ્ટાચાર સામેની લડાઇમાં જોડાશે.કાયદાકીય સલાહ માંગનારા વકીલો માટે પણ ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે આરજેડીના રાજ્યસભાના સાંસદ કેટલાક વર્ષ પહેલા પોતાના ઘર બહાર નવા કેસ ના લેતા હોવાની તખ્તી એક વાર લગાવી ચુક્યા હતા. પછી મહત્વના કેસમાં કોર્ટમાં હાજર થતા રહ્યા છે.જેઠમલાણી ૭૫ વર્ષથી વકીલાત કરતા રહ્યા છે.દેશના મોટા વકીલોમાં જેમની ગણના થાય છે તે જેઠમલાણી કાયદાપ્રધાનનું પદ પણ સંભાળી ચુક્યા છે.

તેઓ ભારતીય જનતા પાર્ટીના સાંસદ પણ રહી ચુક્યા છે. પરંતુ તેઓને મતભેદ થતાં તેમાંથી નીકળી ગયા હતા.દેશના મોટા મોટા કેસોમાં તેઓનો ફાળો ખુબજ મહત્વનો રહ્યો છે.સુપ્રીમ કોર્ટના શ્રેષ્ઠ વકીલો પૈકી તેમની ગણના થાય છે.તેઓ ખુબજ આખા બોલા હોવાને કારણે તેમની કડવી છાપ રાજકારણીઓ પર પડેલી છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.